ક્રમાંક/ ઈજર/વહટ/ ૮૪ / ૨૦૧૩ | ૩૦૦૨ થી ૩૦૮૬

૨૦

નોંધણી સર નિરીક્ષક કચેરી
બ્લોકનં–૧૪, બીજોમાળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુ.રા. ગાંધીનગર
તા. ૨૭/૦૨/૨૦૧૩
૨૮

નોંધણી અમલદારશ્રી,
તમામ................

વિષય :– દસ્તાવેજ નોંધણી કામે ખોટા કૃત્ય બદલ ફોજદારી કાર્યવાહી હાથ ધરવા અંગે.

**પ રિ પ ત્ર**

આથી રાજયના તમામ નોંધણી અમલદારોને જણાવવામાં આવે છે, કે શહેરો તથા ગ્રામ્યવિસ્તારમાં તથા તેની આજુબાજુમાં, રહેણાંક, વ્યાપાર તથા ઔધોગિક વિસ્તારના વિકાસના કારણે તે વિસ્તારોની સ્થાવરમિલકતોની બજાર કિંમતમાં ઉતરોતર વધારો થવા પામેલ છે, મિલકતોની બજાર કિંમતોની તેજીના કારણે ઘંધાદારી તથા લેભાગુ ઈસમો માલકી હકકના ખોટા બેનામી દસ્તાવેજો ઉભા કરી સાચા માલિકોની સ્થાવર મિલકતો પડાંવી લઈ દસ્તાવેજોની નોંધણી કરાવવાના કિસ્સાઓ ઘ્યાને આવેલ છે, જેના કારણે મિલ્કતના સાચા માલીકોને પોતાના હકક બાબતે વિવાદમાં પડવાનું થાય છે, આમ જયારે આવા કિસ્સાઓ બનવા પામે છે ત્યારે પોલીસ ડીપાર્ટમેન્ટ તરફથી નોંધણી અમલદારોને પણ ફોજદારી ગુન્હા સબબ જોડવામાં આવે છે, જે અંગે નોંધણી અધિનિયમની કલમ–૮૬ તથા ૮૭ ની જોગવાઈ મુજબ નોંધણી અમલદારની કાર્યવાહી યોગ્ય હોવા છતાં તેમની સામે ફોજદારી ગુન્હા સબબની કાર્યવાહી કરવામાં આવે છે, જે કાયદાનુસાર બરાબર નથી.

આથી રાજયના તમામ નોંધણી અમલદારોનું નોંધણી અધિનિયમ ૧૯૦૮ની કલમ–૮૨ તરફ ઘ્યાન દોરી જણાવવાનું કે ઉકત જોગવાઈના કૃત્ય બદલ સાચા માલીકી હકક ધરાવતા પક્ષકારો તરફથી રજુઆત મળતાં નોંધણી અમલદારને શંકા જાય કે દસ્તાવેજો બનાવટી કે માલીકી હક ધરાવતી વ્યકિત સિવાયની વ્યકિતએ કર્યા હોવાનું ઘ્યાનમાં આવે કે તુર્તજ અધિનિયમ ની કલમ–૮૩ અન્વયે તાત્કાલીક ફોજદારી કાર્યવાહી જે તે નોંધણી અમલદારે જ હાથ ધરવાની રહેશે. આ પરીપત્ર જાહેર નાગરીકોના સ્થાવર મિલ્કતોના ખોટા બેનામી દસ્તાવેજોની નોંધણી અટકાવવાના હેતુ માત્રથી જાહેર હિતમાં કરવામાં આવે છે.

ઉકત પરિપત્ર મળ્યા બદલ તમામ નોંધણી અમલદારે અચુક પાવતી મોકલવી.

સહી–લોચન સહેરા
નોંધણી સર નિરીક્ષક
ગુજરાતરાજય, ગાંધીનગર

**નકલ સવિનય રવાના:–**

(૧) અધિક સચિવશ્રી મહેસુલ વિભાગ, સચિવાલય ગાંધીનગર તરફ જાણ સારુ.
(૨) જીલ્લા કલેકટર વ જીલ્લા રજીસ્ટારશ્રી તમામ તરફ જાણ સારુ.

**નકલ રવાના:–**

(૧) નાયબ કલેકટરશ્રી સ્ટેમ્પ ડયુટી મુલ્યાકંન તંત્ર તમામ તરફ જાણ સારુ.
(૨) અધિક સુપ્રિ. ઓફ સ્ટેમ્પશ્રી તરફ જાણ સારુ.
(૩) નોંધણી નિરીક્ષકશ્રી તમામ તરફ જાણ સારુ, તથા તાબાની સબરજીસ્ટાર કચેરીઓને નકલ મોકલી અમલ કરવા સારુ.
(૪) કચેરી ની તમામ શાખા તરફ જાણ સારુ.

'રવાના કર્યુ'

મદદનીશ નોંધણી સર નિરીક્ષક
ગુજરાત રાજય, ગાંધીનગર.